# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લૉક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/૨૦૨૬/૨૦૧

તા. ~~૦૩~~ ૦૫/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક અને માધ્યમિક શાળા તમામ

**વિષય:** પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓની તાલીમમાં Onair સેશન બાબત

**સંદર્ભ:** ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, 'વિદ્યાભવન' ગાંધીનગર ના પત્ર ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2025-26/32369-481 તા.૩૧/૧૨/૨૦૨૫.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આચાર્યશ્રીઓની વ્યાવસાયિક સજ્જતામાં અભિવૃદ્ધિ થાય તે હેતુસર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત આચાર્યશ્રી માટે તા.૧-૧-૨૦૨૬ થી તા.૩-૧-૨૦૨૬ અને માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યશ્રી માટે તા.૬-૧-૨૦૨૬ થી તા.૮-૧-૨૦૨૬ દરમ્યાન તાલીમ આયોજન કરવામાં આવેલ છે. સદર તાલીમ સારી રીતે યોજાય તે માટે જાણ અને અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

રીડર

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/2025-26/32369-481
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ: 31 DEC 2025

પ્રતિ,
(૧) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૪) શાસનાધિકારીશ્રી, તમામ

**વિષય :- પ્રાથમિક અને માધ્યમિક શાળાના આચાર્યશ્રીની તાલીમમાં Onair સેશન બાબત**

**શ્રીમાન,**

NEP–2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF-SE 2023) નો પરિચય થાય તેમજ NEP–2020 અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા (NCF-SE 2023)ના માર્ગદર્શક સિદ્ધાંતોને અનુસરતાં શાળાઓમાં ગુણવત્તાસભર, સમાવેશી અને બાળકેન્દ્રિત શિક્ષણ પ્રદાન કરવાનો મુખ્ય ધ્યેય રહેલો છે. આ પરિપ્રેક્ષ્યમાં શાળા નેતૃત્વ (School Leadership) ની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ બની છે. શાળાનું સુદ્રઢ આયોજન, અસરકારક વ્યવસ્થાપન, પ્રેરણાદાયક શૈક્ષણિક વાતાવરણ અને વિદ્યાર્થી કેન્દ્રિત અભ્યાસક્રમ અમલમાં મૂકવા માટે આચાર્યશ્રીઓની વ્યાવસાયિક સજ્જતા અનિવાર્ય છે.

આ ઉપરાંત PARAKH- રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૨૭ નાં તૈયારીના ભાગરૂપે, શાળા વાઇઝ રોડ મેપ તૈયાર કરવી જરૂરી હોઈ તેમાં પૂછાતા પ્રશ્નોનો મહાવરો અને અન્ય બાબતોનો સમાવેશ સદર તાલીમમાં કરવામાં આવેલ છે. આચાર્યશ્રીઓની વ્યાવસાયિક સજ્જતામાં અભિવૃધ્ધિ થાય તે હેતુસર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કાર્યરત આચાર્યશ્રી માટે તા.1-1-2026 થી તા.3-1-2026 અને માધ્યમિક શાળાઓમાં કાર્યરત આચાર્યશ્રી માટે તા.6-1-2026 થી તા.8-1-2026 દરમ્યાન તાલીમ આયોજન કરવામાં આવેલ છે. તાલીમના પ્રત્યેક દિવસે બાયસેગ સ્ટુડીયોના માધ્યમથી વંદે ગુજરાત, ચેનલ નં. 7 ઉપર સવારે 11.00 થી 12.00 કલાક દરમ્યાન Onair સેશન યોજાનાર છે. આ Onair સેશન માટેની જરુરી વ્યવસ્થા કરવા સારૂ આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે.

**સદર તાલીમ સારી રીતે યોજાય તે માટે ડાયટના અધ્યાપકશ્રીઓ, TPEOશ્રી, BRCCશ્રી તથા કેળવણી નિરીક્ષકશ્રીઓને મોનીટરીંગ કરવા સારૂ આપની કક્ષાએથી જરૂરી આદેશો કરવા વિનંતી છે.**

**આ ઉપરાંત પ્રાથમિકના આચાર્યશ્રીની તાલીમના પ્રથમ દિવસે તા.1-1-2026 ના રોજ સવારે 11.00 કલાકે અને માધ્યમિકના આચાર્યશ્રીની તાલીમના પ્રથમ દિવસે તા.6-1-2026 ના રોજ સવારે 11.00 કલાકે માન. મંત્રીશ્રી, શિક્ષણ (કેબિનેટ કક્ષા) અને માન. મંત્રીશ્રી, શિક્ષણ (રાજ્યકક્ષા) પ્રેરણા અને માર્ગદર્શન આપનાર છે. તો ઉક્ત Onair સેશનમાં આપશ્રી તથા ડાયટ અધ્યાપકશ્રી, જિલ્લાના તમામ TPEOશ્રી, BRCCશ્રી, CRCCશ્રી, કેળવણી નિરીક્ષકશ્રીને સદર Onair સેશનમાં જોડાવવા માટે જરૂરી સૂચના આપવા વિનંતી છે.**

(ડૉ. દેવદત્ત પંડયા)
રીડર
જીસીઇઆરટી,
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ:
1. માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
2. માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર
3. માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર